૦ થી ૫ વર્ષના બાળકોના ECMP Kit થી આધાર કાર્ડની નોંધણી માટે જિલ્લા કન્સલટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને પગાર ભથ્થા ચુકવવા તેમજ અન્ય ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

તા.૧૨-૦૯-૨૦૨૨

**સંદર્ભ–**

(૧) ઇલેક્ટ્રોનીક અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલય, **UIDAI**, ભારત સરકાર, નવીદિલ્હી ના તા.૬-૯-૨૦૧૬ના પત્ર ક્ર: ૪(૪)૫૭/૫૦/ઇએ-૨૦૧૧-**Vol.II**.

(૨) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક: D.O.No. 12/35/2015-CD-I-Part(2), તા.૧૫-૧૧-૨૦૧૭

(3) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક : D.O.No. 12/ 35 /2015 -CD-I-Part (2), તા.૨૪-૦૭-૨૦૧૭

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા.૧૯-૦૮-૨૦૧૯

(૫) UIDAI, ભારત સરકારશ્રીના પત્ર: No.4 (4)/57/259/AKR/2014-E&U, તા.૧૮-૧૨-૨૦૧૮

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૯-૪૧૯-બ-૧ તા.૦૬-૧૨-૨૦૧૯

(૭) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક: F.No.CD-II-14/7/2017-CD-II (43648), તા.૯-૧૨-૨૦૨૧

(૮) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૪૬૨/બ૧ તા.૧૭-03-૨૦૨૨

(૯) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૧૦૧૭/૧૭૭૮૫૬/બ, તા.૧૭-03-૨૦૨૦

(૧૦) UIDAI, ઇલેક્ટ્રોનીક અને સુચના પ્રાધ્યોગીક મંત્રાલય, ભારત સરકાર, મુમ્બઇના F. No.1/Registrar/WCD/2022-E&U, તા.૨૫-૦૪-૨૦૨૨

**આમુખ:**

સંદર્ભ(૧) થી મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારને **UIDAI** ના એનરોલમેન્ટ રજિસ્ટ્રાર તરીકે નિમણૂંક કરી કોડ નં.૮૪૦ આપવામાં આવેલ છે. સંદર્ભ (૨) તેમજ સંદર્ભ (3) પર ના પત્રોથી ઘટક કક્ષાએ સી.ડી.પી.ઓ. શ્રી ની કચેરી ખાતે કાયમી આધાર નોંધણી કેંદ્ર (PEC) સ્થાપીત કરવા તેમજ આધાર નોંધણી કિટ ઉપર આધાર નોંધણી ઓપરેટર મારફત

આધાર નોંધણી કરવા માટે સુચવવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ (૪) પર ના ઠરાવથી આધાર નોંધણી કિટ ઉપર આધાર નોંધણીની કામગીરી માટે જીલ્લા કક્ષાએ આધાર કન્સલટન્ટ- ૩૩ અને બ્લોક કક્ષાએ આધાર ડેટા ઓપરેટર-૭૭૭ ની જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા મંજૂરી આપવામાં આવેલ. સંદર્ભ (૫) પર ના પત્રથી સફળ આધારકાર્ડ પેટે મળવાપાત્ર પ્રોત્સાહનની રકમ અને ઓપરેટર દ્વારા વસુલવામાં આવેલ રકમ દર માસે આધાર અંતર્ગત ચાલતા બેન્ક એકાઉન્ટમાં જમા થાય છે. સંદર્ભ (૬) પર ના પત્રથી આધાર એનરોલમેન્ટ એકાઉન્ટ, આઇસીડીએસ, ગુજરાતના નામનું એકાઉન્ટ ખોલવાની મંજૂરી આપવામાં આવેલ. જે અંતર્ગત ખોલાવેલ બેંક ઓફ બરોડા ના ખાતામાં સફળ આધાર નોંધણી પછી મળતી રકમ જમા થાય છે. હાલમાં આ કામગીરી અંતર્ગત રૂ.૧૯.૨૭ કરોડની રકમ રાજ્યકક્ષાએ આધાર યોજના અંતર્ગત ખોલાવેલ બેંક એકાઉન્ટમાં વ્યાજ સહિત જમા થયેલ છે. સંદર્ભ (૭) પર ના પત્રથી કેંદ્ર સરકાર દ્વારા સુધારેલા ખર્ચના ધોરણો મુજબ પ્રોજેક્ટ સ્તરે આધારને લગત કરવાનો થતો માનદવેતન અને અન્ય વહીવટી ખર્ચ બંધ કરવામાં આવેલ છે, એની જાણ કરેલ છે. સંદર્ભ (૮) પર ના ઠરાવથી વર્ષ ૨૦૨૨ થી જીલ્લાવાર કુલ ૩૩ ડિસ્ટ્રિક્ટ કન્સલટન્ટ અને ૪૨૬ આધાર ડેટા ઓપરેટરની આઉટસોર્સીંગ એજન્સી મારફતે આધાર કામગીરી કાર્યરત રાખવા વહીવટી મંજુરી મળેલ હતી. સંદર્ભ (૯) પર ના ઠરાવથી ટેબલેટ કીટ થકી ૦ થી ૫ વર્ષના બાળકોના સફળતાપૂર્વક આધાર નોંધણી માટે રજિસ્ટ્રારને અગાઉની રૂ.૨૭/- ની સહાયમાં વધારો કરી રૂ.૫૦/- ની સહાય કરેલ છે. જે મુજબ આંગણવાડી કાર્યકર/ આશા વર્કરને રૂ.૯/-, આંગણવાડી તેડાગર ને રૂ.૯/-, મુખ્ય સેવિકા ને રૂ.૨૮/- અને નિયામકશ્રી (આઇસીડીએસ) ને રૂ.૪/- પ્રોત્સાહન રકમ આપવા માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ(૧૦) પર ના પત્રથી આધારની કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફના પગાર અને અન્ય ખર્ચ UIDAI દ્વારા આપવામાં આવતી સહાયમાંથી કરવા જણાવેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ જીલ્લા કક્ષાના આધાર કન્સલટન્ટ અને આધાર ડેટા ઓપરેટરના પગાર ભથ્થા તેમજ અન્ય ખર્ચનું ચુકવણું બેંક ઓફ બરોડા માં જમા થતી UIDAI ની સહાયમાંથી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

રાજ્યમાં સંકલીત બાળ વિકાસ સેવાઓ હેઠળ ચાલતી ECMP Kit થી આધાર નોંધણીની કામગીરી અંતર્ગત જિલ્લા કન્સલટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને આપવામાં આવતા પગાર ભથ્થાની રાજ્ય/ કેંદ્ર સરકાર તરફથી આપવામાં આવતી સહાય આથી રદ્દ કરવામાં આવે છે. ECMP Kit થી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કન્સલટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને આપવામાં આવતા પગારભથ્થાનો ખર્ચ સદર કામગીરી માટે ખોલવામાં આવેલ બેંક ઓફ બરોડાના બેંક એકાઉન્ટમાં જમાં થતી ઇનસેન્ટીવની રકમમાંથી એપ્રીલ-૨૦૨૨ થી ડીસેમ્બર ૨૦૨૨ સુધીના પગાર ભથ્થા ચૂકવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (નાણાં વિભાગ) ની તા.૦૩-૦૯-૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઇ. લેઉવા)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
8. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)
10. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
11. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
12. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)
13. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે જિલ્લા પંચાયત કચેરી................
14. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન.................
15. સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
16. સિલેક્ટ ફાઇલ